પ્રથમ અને દ્વિતીય સત્ર માટે

# માસવાર અભ્યાસક્રમ

## (વાર્ષિક આયોજન)

## જુનિયર કે. જી.

NAVNEET®

અભિપ્રાય
અને
ભલામણ
અર્થે
નમૂનાપ્રત

**વિકાસ** **મૂલ્યાંકન યોજના : જુનિ. થી 5**

| પ્રથમ અને દ્વિતીય સત્ર માટે | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિષયો ☛<br>ધોરણ ☛ | મુખ્ય<br>જુનિ./સીનિ. | મુખ્ય<br>**1 થી 5** | હિન્દી<br>**1 થી 4** | **English**<br>**1 થી 4** | કમ્પ્યૂટર<br>**4 અને 5** | સા. જ્ઞાન<br>**1 થી 5** |
| ઔપચારિક લેખિત મૂલ્યાંકન | 40 | 40 | 40 | 40 | 40 | 40 |
| અનૌપચારિક મૂલ્યાંકન | – | 40 | – | – | – | – |
| આંતરિક/પ્રૅક્ટિકલ | 10 | 20 | 10 | 10 | 10 | 10 |
| કુલ ગુણ | **50** | **100** | **50** | **50** | **50** | **50** |

| દ્વિતીય સત્ર માટે | | | |
|---|---|---|---|
| વિષયો ☛<br>ધોરણ ☛ | ચિત્રકલા<br>જુનિ. / સીનિ. | ચિત્રકલા<br>**1 થી 5** | કમ્પ્યૂટર<br>**1 થી 3** |
| ઔપચારિક લેખિત મૂલ્યાંકન | 40 | 80 | 25 |
| અનૌપચારિક મૂલ્યાંકન | – | – | – |
| આંતરિક/પ્રૅક્ટિકલ | 10 | 20 | 25 |
| કુલ ગુણ | **50** | **100** | **50** |

| | |
|---|---|
| પૂરક મૂલ્યાંકન<br>**1 અને 2**<br>(**20 – 20** માર્ક્સ) | ☛ મુખ્ય વિષયો : ધોરણ 1 થી 5<br>☛ હિન્દી અને English : ધોરણ 1 થી 4<br>☛ ગુજરાતી, ગણિત અને સામાન્ય જ્ઞાન : જુ.કે.જી. અને સી.કે.જી. |

## અભ્યાસક્રમ

- ☛ **પૂરક મૂલ્યાંકન 1 : ઑગસ્ટ, 2014 :** જૂન ’14 અને જુલાઈ ’14નો રહેશે.
- ☛ **મૂલ્યાંકન – પ્રથમ સત્ર : ઑક્ટોબર, 2014 :** જૂન ’14થી ઑક્ટોબર ’14 સુધીનો રહેશે.
- ☛ **પૂરક મૂલ્યાંકન 2 : ફેબ્રુઆરી, 2015 :** નવેમ્બર ’14થી જાન્યુઆરી ’15નો રહેશે.
- ☛ **મૂલ્યાંકન – દ્વિતીય સત્ર : એપ્રિલ, 2015 :** નવેમ્બર ’14થી એપ્રિલ ’15 સુધીનો રહેશે.
- ☛ **ચિત્રકલા :** જુનિ.કે.જી.થી ધોરણ 5 અને **કમ્પ્યૂટર :** ધોરણ 1 થી 3માં માત્ર દ્વિતીય સત્રમાં લેખિત મૂલ્યાંકન કરવાનું હોવાથી તેમાં સંપૂર્ણ અભ્યાસક્રમ રહેશે.

સંચાલકશ્રી, આચાર્યશ્રી, શિક્ષકમિત્રો અને વાલીમિત્રો,

**જોગ નમ્ર નિવેદન ...**

હરીફાઈના સાંપ્રત યુગમાં બાળકોને શાળામાં–ખાસ કરીને બાળમંદિરમાં દાખલ કરતાંની સાથે જ વાલીઓની શાળા અને શિક્ષકો પાસેથી અપેક્ષા ઘણી વધી જાય છે. સામાન્ય સમજ એવી પ્રવર્તે છે કે બાળક શાળાએ જતું થાય એટલે બીજા જ મહિનાથી એને લખતાં-વાંચતાં આવડવું જ જોઈએ. પરંતુ, હાલના સંજોગોમાં શિક્ષકો અને ખાસ કરીને વાલીઓએ એક વાત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ કે અગાઉ મોટે ભાગે બાળક પાંચ વર્ષ પૂરા કરે પછી એને સીધો ધોરણ ૧માં પ્રવેશ મળતો. બાળમંદિરમાં બાળકને દાખલ કરવાની પ્રથા આજના વાલીઓ જ્યારે વિદ્યાર્થી હતા ત્યારે આટલી પ્રચલિત ન હતી. જ્યારે હવે, બાળમંદિર તો ખરું જ ! પરંતુ, તેમાં પણ નર્સરી, જુનિયર કે. જી. અને સીનિયર કે. જી. એમ ત્રણ વિભાગ છે અને તેથી જ કુમળી વયે બાળમંદિરમાં દાખલ થતા બાળકના સ્નાયુઓને કેળવવાની અને ત્યારબાદ જ અંક જ્ઞાન અને અક્ષર જ્ઞાનની સમજ આપવી જરૂરી છે. બાળકના સર્વાંગી વિકાસ માટે જરૂરી કેટલીક મહત્ત્વની બાબતોનો આ અભ્યાસક્રમમાં સમાવવાનો અમે સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે તથા અમને ખાતરી છે કે આ અભ્યાસક્રમમાં આપેલા ક્રમ મુજબ તબક્કાવાર શિક્ષણ જો બાળકને આપવામાં આવશે તો બાળક ફક્ત હોશિયાર વિદ્યાર્થી જ નહિ, પરંતુ ભવિષ્યમાં એક સમજદાર નાગરિક પણ બની રહેશે.

ત્રણ કે સાડા ત્રણ વર્ષની ઉંમરે માતાના સાડલાનો પાલવ છોડીને સૌ-પ્રથમ વાર બાળક બહારની દુનિયામાં અર્થાત્ બાળમંદિરમાં એકલું પગ માંડે છે. ત્યારે આપણી (બાળમંદિરનાં શિક્ષિકા બહેનોની) ફરજ બને છે કે તેને હૂંફ અને પ્રેમ મળે તેવું વાતાવરણ પૂરું પાડીએ. અભ્યાસની પૂર્વતૈયારીરૂપે બાળકો પાસે એવી પ્રવૃત્તિઓ કરાવીએ કે જેના દ્વારા તેનો શારીરિક અને માનસિક વિકાસ તો થાય જ – પરંતુ સાથોસાથ ગતિપ્રેરક સ્નાયુઓનો પણ વિકાસ થાય. બાળક શાળામાં દાખલ થાય ત્યારે પહેલા જ દિવસથી તેને સીધેસીધું અંક જ્ઞાન કે અક્ષર જ્ઞાન આપી ભણાવી દેવાને બદલે તેને આનંદ મળે તેવી વિવિધ રમતો અને પ્રવૃત્તિઓ કરાવીએ અને બીજા દિવસે પણ બાળક પોતાની મેળે જ શાળામાં આવવા પ્રેરાય તેવું વાતાવરણ પૂરું પાડીએ.

**આ માટે નીચેની બાબતો વિચારી શકાય :**

- બાળકોના નાના અને મોટા સ્નાયુઓ સુગઠિત થાય.
- આપણા સૂક્ષ્મ અવલોકન હેઠળ હેતુપૂર્ણ હલન-ચલનની રમતો રમાડી શકાય, જેના દ્વારા બાળકોની દબાયેલી વૃત્તિઓને મોકળાશ મળે.



N 2001 **કિંમત : ₹ ૧૦.૦૦**

- બાળકોમાં સ્વાવલંબન, માનસિક એકાગ્રતા અને સ્થિરતા કેળવાય.
- બાળકોને શારીરિક વિકાસથી શરૂ કરી બૌદ્ધિક વિકાસ તરફ લઈ જઈએ.

ઉપર્યુક્ત તમામ બાબતો અથવા હેતુ પરિપૂર્ણ કરવા બાળકોને નીચે મુજબની પ્રવૃત્તિઓમાં સાંકળી શકાય :

- બાળકોને શરૂઆતમાં પોતાના વર્ગખંડ, પાણી પીવાની જગ્યા, પેશાબની જગ્યા, રમતનું મેદાન, પ્રાર્થના ખંડ, શાળાનું કાર્યાલય વગેરે જેવી જગ્યાઓથી માહિતગાર કરવા.
- બાળકોને નીચેની પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત કરવાં.

દા. ત., ચાલવું, દોડવું, કૂદવું, ફેંકવું, પકડવું, બેસવું, ઊભા થવું, ગગડાવવું, ખેંચવું, સમતોલન જાળવવું, ઊંચકવું, હીંચકવું, લપસવું, લટકવું વગેરે.

બાળકો પાસે ઉપર્યુક્ત પ્રવૃત્તિઓ કરાવ્યા બાદ બીજા તબક્કામાં નીચે દર્શાવેલી પ્રવૃત્તિઓ કરાવી શકાય :

- માટીકામ, પરોવવું, ખાંડવું, ભરવું, ખોલવું, બંધ કરવું, ચાળવું, વીણવું, ગોઠવવું વગેરે.

ઉપર દર્શાવેલી તમામ પ્રવૃત્તિઓ બાળકના નાના સ્નાયુઓના વિકાસ તથા તેમની તર્કશક્તિ વધારવામાં મદદરૂપ નિવડશે. ત્યારબાદ નાના સ્નાયુઓના વિકાસ અને બાળકોના બૌદ્ધિક વિકાસમાં નીચે દર્શાવેલી તમામ પ્રવૃત્તિઓ ઉપયોગી થશે :

- પુસ્તકના પાન ફેરવવા, ભરત-ગૂંથણ, કાગળ વાળવા, કાગળ ફાડવા, ગોળી વાળવી, સાદી પેટર્નનું લેખન, ચૉકકામ, રંગકામ, છાપકામ, ચીટકકામ, ચિત્રકામ વગેરે.

ઉપર્યુક્ત તમામ પ્રવૃત્તિઓ કરાવ્યા બાદ બાળક જ્ઞાનલક્ષી વિકાસ માટે પૂરેપૂરું સક્ષમ બને છે. હવે બાળકની યાદશક્તિ અને અવલોકન શક્તિ વિકસે, બાળકમાં વર્ગીકરણ કરવાની કુશળતા કેળવાય, બાળકની વિચાર કરવાની શક્તિ વિકસે, બાળકમાં સમસ્યાઓનું નિરાકરણ કરવાની શક્તિનો અને તર્કશક્તિનો વિકાસ થાય તેવી પ્રવૃત્તિઓ કરાવવી જોઈએ. જે માટે ઓળખ, સમાનતા, વર્ગીકરણ, પૂરક જોડી, જુદું પાડવું, ક્રમમાં ગોઠવવું, શું ખૂટે છે ?, શું ખોટું છે ?–જેવી પ્રવૃત્તિઓ યોગ્ય ગણાય. ઉપરાંત, બાળકોની દર્શ્યેન્દ્રિય, સ્પર્શેન્દ્રિય, કર્ણેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને સ્વાદેન્દ્રિયની શક્તિઓ વિકસે તેવી પ્રવૃત્તિઓ પણ કરાવવી જોઈએ. આ બધી ઇન્દ્રિયોના વિકાસ માટે જુદી જુદી ઘણી પ્રવૃત્તિઓ માસવાર અભ્યાસક્રમ આયોજનમાં ક્રમશઃ

દર્શાવી છે. પરંતુ, ખાસ 'કર્ણેન્દ્રિય'ના વિકાસ માટે બાળકોને સંગીતમય જોડકણાં અને બાળગીતો સંભળાવવાં, ગવડાવવાં હિતાવહ છે. અત્યાર સુધી પેઢી દર પેઢી કંઠસ્થ રીતે સચવાયેલાં આવાં જોડકણાં અને બાળગીતો બાળકોને સાંભળવા ગમે અને મજા પડે તેવા સ્વર અને સંગીત સાથે અમે 'ઑડિયો કૅસેટ્સ'ની શ્રેણીમાં મૂક્યાં છે. ઉપરાંત, આ બાળગીતો અને જોડકણાંની ઑડિયો કૅસેટ્સમાં બાળકોની વય કક્ષાને ધ્યાનમાં લઈ English અને हिन्दी ભાષાનાં સરળ બાળગીતોનો પણ સમાવેશ કર્યો છે. સાંપ્રત સમયની જરૂરિયાતને ધ્યાનમાં લેતાં આંતરરાષ્ટ્રીય ભાષા – અંગ્રેજી અને રાષ્ટ્રભાષા – હિન્દીનું પ્રાથમિક જ્ઞાન દરેક બાળક માટે અનિવાર્ય છે. કારણ કે, હવેની પેઢીને રોજબરોજનાં કાર્યોમાં પણ Computerનો ઉપયોગ કરવો જ પડશે તથા Computerની Command-Language English હોવાના કારણે તેનું પ્રાથમિક જ્ઞાન અથવા પરિચય જો બાળકને નાનપણથી જ મળે તો ભવિષ્યમાં ભાષાને આત્મસાત્ કરવી બાળક માટે સરળ રહેશે. બલ્કે, સરકારશ્રી પણ આ દિશામાં સક્રિય છે. જુદી જુદી ભાષાના શબ્દોથી બાળકને પરિચિત કરવાનો કદાચ આ સૌથી સરળ અને સંગીતમય રસ્તો છે. ટૂંકમાં, હવે સમયની સાથે ચાલવા માટે બાળકને નાનપણથી જ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનો પરિચય કરાવવો જરૂરી છે અને સાથોસાથ તેની કર્ણેન્દ્રિયના વિકાસ ઉપરાંત ભાષાની સમજ, શુદ્ધ ઉચ્ચારો કરવાની ક્ષમતા, તર્કશક્તિ એમ ઘણાં પાસાં વિકસે છે.

ઉપર્યુક્ત તમામ પ્રવૃત્તિઓ બાળકો પાસે કરાવ્યા બાદ તેમની લાગણીનો વિકાસ થાય તથા સામાજિક સમજો કેળવાય તે માટે પણ વિચારવું જોઈએ. આ માટે નીચે દર્શાવેલી બાબતો અંગે વિચારી શકાય :

- બાળકો પોતાની મૌખિક રજૂઆત સરળતાથી કરી શકે.
- પોતાની ઇચ્છા વિરુદ્ધનું કંઈક બને ત્યારે સહજ વર્તન કરી શકે.
- બાળક પોતાના વ્યક્તિત્વની ઓળખ કરાવી શકે તથા સ્વતંત્ર બની શકે.
- અન્ય બાળકો સાથે સારા સંબંધો કેળવી શકે.
- અન્યની લાગણીઓ, જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલ બની શકે.
- જૂથમાં રહીને સહિષ્ણુ, વિવેકી અને સહયોગી બની શકે.
- ખેલદિલીપૂર્વક રમતો રમીને પોતાના વારાની રાહ જોઈ શકે, ધીરજ કેળવી શકે.
- શિક્ષક દ્વારા અપાતી સૂચનાઓ તથા વાતો ધ્યાનથી સાંભળી શકે.

**આગળ આપેલી તમામ બાબતો બાળક માટે સહજ સ્વીકૃત બને તે માટે નીચેની પ્રવૃત્તિઓનું આયોજન કરવું જરૂરી છે :**

● વિવિધ બૉક્સની રમતો ● રેતીની રમતો ● પાણીની રમતો ● બાગકામ ● વર્ગ અંદરની અને વર્ગ બહારની રમતો ● કુદરતી પ્રવાસો ● સંગીતની વિવિધ પ્રવૃત્તિઓ ● ઢીંગલી ઘરની રમતો ● દરેક તહેવારોની ઉજવણી

ઉપર્યુક્ત તમામ પ્રવૃત્તિઓ બાળકો પાસે કરાવ્યા બાદ હવે બાળક ભાષાના વિકાસ માટે સક્ષમ બને છે – અક્ષર જ્ઞાનની શરૂઆત કરાવવા માટે બાળકમાં શ્રવણ કૌશલ્ય વિકસાવવું જરૂરી છે. ઉપરાંત, સૂચનાઓની આપ-લે કરવાની ટેવ કેળવવી તથા તેના વાંચન માટે અવલોકન શક્તિ વિકસાવવી જરૂરી બને છે. તે માટે બાળકો વર્ગમાં જુદા જુદા ચાર્ટ્સનું અવલોકન કરે, બાળગીતો ગાય અને સાંભળે, વાર્તાઓ સાંભળે, ઉંમરને અનુરૂપ બાળનાટકો દ્વારા સંવાદો બોલે અથવા સાંભળે તે અત્યંત જરૂરી છે.

આપના બાળમંદિરનાં બાળકો પાસે ભણવાની અર્થાત્ અંકલેખન અને અક્ષર લેખનની શરૂઆત કરાવતાં પહેલાં જો ઉપર્યુક્ત પ્રવૃત્તિઓમાં તેમને રસ પડે – મજા પડે તેવી રીતે કરાવવામાં આવે તો બાળક ભણતરની શરૂઆત ખૂબ જ રસપૂર્વક અને સહજ રીતે કરશે તથા દરરોજ શાળાએ જવાની જીદ કરશે અને એક વાર બાળક નિયમિત શાળામાં આવી દરેક પ્રવૃત્તિઓમાં રસ લેતું થાય તો તેનું પરિણામ શું આવે તેની વિસ્તૃત ચર્ચા કરવાની જરૂર ખરી ?

## સમય-પત્રક

| સમય | પ્રવૃત્તિ | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | શનિવાર |
|---|---|---|---|---|---|---|---|
| ૩૦ મિનિટ | પ્રાર્થના<br>હાજરી<br>બાળગીત | — | — | — | — | — | — |
| ૨૦ મિનિટ | મૌખિક | ભાષા | ગણિત | ભાષા | ગણિત | ભાષા | અંગ્રેજી |
| ૩૦ મિનિટ | લેખન | ભાષા | ગણિત | ભાષા | ગણિત | ભાષા | અંગ્રેજી |
| ૨૦ મિનિટ | નાસ્તો | — | — | — | — | — | — |
| ૨૦ મિનિટ | સામાન્ય જ્ઞાન | — | — | — | — | — | — |
| ૪૦ મિનિટ | મુખ્ય<br>પ્રવૃત્તિ | વર્ગ અંદર<br>વર્ગ બહાર | રચનાત્મક<br>પ્રવૃત્તિ | વર્ગ બહાર<br>વર્ગ અંદર | ચિત્રકામ | રમત | માનસિક<br>વિકાસ |
| ૨૦ મિનિટ | વાર્તા | — | — | — | — | — | — |

# માસવાર અભ્યાસક્રમ (વાર્ષિક આયોજન)

## જુનિયર કે. જી.

**નોંધ :** પ્રથમ સત્રનું લેખિત મૂલ્યાંકન સપ્ટેમ્બર અથવા ઑક્ટોબર માસમાં આવતું હોવાથી એ મુજબ અભ્યાસક્રમ પૂર્ણ કરવા વિનંતી.

* **પ્રથમ સત્ર :** જૂનથી ઑક્ટોબર સુધી
* **દ્વિતીય સત્ર :** નવેમ્બરથી એપ્રિલ સુધી

## ૧. શારીરિક વિકાસ માટે પ્રવૃત્તિઓ

### જૂન

**વર્ગ બહાર રમાડવાની રમતો :**

ચાલવું :
- લીટી ઉપર ; ___, W, ∩ જેવા આકાર ઉપર એક પછી એક પગ મૂકીને ચાલવું.
- બે લીટીની વચ્ચે ચાલવું. ═══
- જુદી જુદી રીતે ઈંટો ગોઠવી ઈંટો ઉપર ચાલવું. (આડી ઈંટો ▭ ▭ ▭; ઊભી ઈંટો ▯ ▯ ▯)
- પાળી ઉપર ચાલવું.
- બે ટાયર ઉપર પાટિયું મૂકી પાટિયા ઉપર ચાલવું.

દોડવું :
- બે લીટીની વચ્ચે દોડવું.
- ગોળ ફરતું ખંજરીના તાલ સાથે દોડવું. ધીમું, ઝડપી, ધીમું, ઊભા રહેવું.

**વર્ગમાં કરાવવાની પ્રવૃત્તિઓ :**

માટીકામ :
- જુદા જુદા આકાર બનાવવા : સાપ, લાડુ, જલેબી

પરોવવું :
- જુદા જુદા આકારનાં મણકા, પાન, મકાઈની ધાણી (પોપકૉર્ન) વગેરે પરોવવા આપવું.

### જુલાઈ

**વર્ગ બહાર રમાડવાની રમતો :**

કૂદવું :
- બૉક્સ, પગથિયાં, ખુરશી ઉપરથી કૂદવું, પગથિયાં રમવાં.
- ○ ○ ○ અંદર-બહાર, અંદર-બહાર } ○ દોરીને આ રીતે કુદાવવું.
- ○8○8○ બે પગ સાથે, છૂટા, સાથે, છૂટા }

ફેંકવું : બૉલ, રિંગ
- બૉલ ડોલમાં કે ટબમાં ફેંકવો.

- પાસિંગ બૉલની રમત.
- બાસ્કેટબૉલની રિંગમાં બૉલ નાખવો.
- બૉલ, રિંગથી સામસામા ઊભા રહી રમવું.

પકડવું : બૉલ, રિંગ

**વર્ગમાં કરાવવાની પ્રવૃત્તિઓ :**

ખાંડવું • ચણા, મીઠું જેવી વસ્તુ ભૂકો કરવા આપવી.

ભરવું • શીશામાં ચણા, રાજમા, મેથીને અંગૂઠો અને બે આંગળીની મદદથી એક-એક દાણો લઈ નાખવું.

ખોલવું-બંધ કરવું : બટન, હૂક, ક્લિપ, ચેઈન, બૉટલનાં ઢાંકણાં ખોલવાં અને બંધ કરવા આપવાં.

## ઑગસ્ટ

**વર્ગ બહાર રમાડવાની રમતો :**

બેસવું/ઊભા થવું : ખંજરીના તાલે ઊભા થાય, બેસે.

ગબડાવવું : બૉલ, ટાયર ગબડાવવાં.

ખેંચવું :
- દોરડું સામસામે ખેંચાવવું.
- લાકડાના ટુકડા સાથે દોરડું બાંધી ખેંચાવવું.

સમતોલન જાળવવું :
- માથા ઉપર રિંગ મૂકી ચાલવું.
- માથા ઉપર લાકડાનો ટુકડો મૂકી ચાલવું.
- હાથમાં પાણી ભરેલી વાટકી લઈ ચાલવું.

ઊંચકવું : • પોતાનું દફ્તર, ખુરશી વગેરે ઊંચકાવવી.

**વર્ગમાં કરાવવાની પ્રવૃત્તિઓ :**

ચાળવું : • રેતી ચાળવી. • અનાજ ચાળવું.

વીણવું : • ઘઉંમાંથી કાંકરા વીણવા.

ગોઠવવું : • જમીન ઉપર ચિત્ર દોરી ઉપર ફૂલ, પાન, ચીકુનાં બી, કચૂકા, શંખલાં, છીપલાં, બટન વગેરે જેવી વસ્તુ ગોઠવવા આપવી.

## સપ્ટેમ્બર

**વર્ગ બહાર રમાડવાની રમતો :**

- સંગીત ખુરશી
- રેતીમાં મુક્ત રમવા દેવાં

**વર્ગમાં કરાવવાની પ્રવૃત્તિઓ :**

- દટ્ટાપેટી
- મિનારો
- પઝલ ટ્રે

## ઑક્ટોબર

**પુનરાવર્તન**

## નવેમ્બર

**વર્ગ બહાર રમાડવાની રમતો :**

- સાઈકલ ચલાવવી ● પાસિંગ બૉલ રમવો

**વર્ગમાં કરાવવાની પ્રવૃત્તિઓ :**

- પઝલ ટ્રે ● સિવણનાં પાટિયાં

## ડિસેમ્બર

**વર્ગ બહાર રમાડવાની રમતો :**

- નદીકિનારે ટમેટું ● પાસિંગ બૉલ ● સાતતાળી

**વર્ગમાં કરાવવાની પ્રવૃત્તિઓ :**

- માટીકામ ● ભરવું ● પરોવવું ● ખોલવું–બંધ કરવું

## જાન્યુઆરી

**વર્ગ બહાર રમાડવાની રમતો :**

- સાદી દોડ ● ટાયર ગબડાવવાં ● મૂર્તિની રમત

**વર્ગમાં કરાવવાની પ્રવૃત્તિઓ :**

- શીશામાં પાણી રેડવું ● કપડાંને ગડી કરવી ● દાણા છૂટા પાડવા

## ફેબ્રુઆરી

**વર્ગ બહાર રમાડવાની રમતો :**

- ધમાલ ધોકો ● મારામાં કાંકરી ખૂંચે છે ● સમતોલન જાળવવું

**વર્ગમાં કરાવવાની પ્રવૃત્તિઓ :**

- ફુગ્ગો ફુલાવવો ● આકૃતિ સુશોભન (ગોઠવવું) ● ખાંડવું

## માર્ચ

**વર્ગ બહાર રમાડવાની રમતો :**

- સંગીત ખુરશી ● સાઈકલ ચલાવવી
- પાણીની રમતો (ટબમાં પાણી ભરી કાણાવાળા ડબ્બા, ચારણી, શૅમ્પૂની ખાલી બૉટલો રમવા આપવી.)

**વર્ગમાં કરાવવાની પ્રવૃત્તિઓ :**

- મણકા પરોવવા ● સિવણનાં પાટિયાં ● પઝલ ટ્રે

## એપ્રિલ

**પુનરાવર્તન**

# ૨. માનસિક/બૌદ્ધિક વિકાસ માટે પ્રવૃત્તિઓ

## જૂન

**ઓળખ :** • ચિત્ર બતાવી માહિતી આપવી ત્યારબાદ પ્રશ્નો પૂછવા.

**સરખામણી :** • બે સરખી વસ્તુઓ લેવી – બૉલ, ચૉક, પેન્સિલ, બટન વગેરે. વસ્તુઓની એક જોડ ગોઠવવી. તે વસ્તુઓ સામે બાળક બીજી જોડ ગોઠવે.

• સરખાં ચિત્રોની જોડી બનાવવી.

## જુલાઈ

**વર્ગીકરણ :** વસ્તુ દ્વારા કચૂકા, ચીકુનાં બીજ, શંખલાં, છીપલાં જેવી વસ્તુ ભેગી કરી જુદી પાડવી.

**પૂરક જોડી બનાવો :** કપ-રકાબી, બ્રશ-પેસ્ટ, પેન્સિલ-નોટ

**જુદું પાડવું :** રાજમા-વાલ

**ક્રમમાં ગોઠવવું :** લાલ, લીલા મણકા આપવા. લાલ મણકો, લીલો મણકો, લાલ, લીલા પ્રમાણે પોરવો. (કોઈ પણ બે કલર આપી શકાય.)

## ઑગસ્ટ

ચિત્રમાં શું ખૂટે છે ?



**દા. ત.,** બાબાની આંખ

શું ખોટું છે ?



**દા. ત.,** ટિપાઈ ઉપર બૂટ

ચોપડીનાં પાન ફેરવવાં.

## સપ્ટેમ્બર

- સ્પર્શેન્દ્રિયનો પરિચય :
  **દા. ત.,** ગરમ, ઠંડું, લીસું, ખરબચડું, હલકું, ભારે, કઠણ, પોચું વગેરેનો સ્પર્શ દ્વારા પરિચય કરાવવો.
- ઘ્રાણેન્દ્રિયનો પરિચય : જુદી જુદી ગંધનો અનુભવ કરાવવો.
  **દા. ત.,** વિક્સ, નીલગિરિ, પેટ્રોલ, પરફ્યુમ
- કર્ણેન્દ્રિય પરિચય. જુદા જુદા અવાજોનો અનુભવ કરાવવો.

## ઑક્ટોબર

**પુનરાવર્તન**

## નવેમ્બર

- સ્વાદેન્દ્રિય પરિચય. જુદા જુદા સ્વાદોનો અનુભવ કરાવવો.
  **દા. ત.,** ગળ્યું, ખાટું, ખારું, તીખું, કડવું

## ડિસેમ્બર

- સરખામણી, વર્ગીકરણ, પૂરક જોડી બનાવો-ની પ્રવૃત્તિનું પુનરાવર્તન કરવું.

## જાન્યુઆરી

- જુદું પાડવું, ક્રમમાં ગોઠવવું, ચિત્રમાં શું ખૂટે છે?-ની પ્રવૃત્તિનું પુનરાવર્તન કરવું.

## ફેબ્રુઆરી

- જુદા જુદા સ્પર્શ, જુદી જુદી સુગંધનો પરિચય આપી પુનરાવર્તન કરવું.

## માર્ચ

- જુદા જુદા અવાજો, જુદા જુદા સ્વાદનો પરિચય આપી પુનરાવર્તન કરવું.

## એપ્રિલ

**પુનરાવર્તન**

# ૩. ભાષા

## જૂન

- ગુજરાતી મૂળાક્ષરો(વ્યંજન-સ્વર)નો ચિત્ર દ્વારા પરિચય
- ક, ખ, ગ અને ઘની ઓળખ, વાંચન અને લેખન
- મૂળાક્ષરથી શરૂ થતા અન્ય શબ્દો અને ચિત્રોનો પરિચય
- મૂળાક્ષરમાં રંગ પૂરો.
- સરખા મૂળાક્ષર જોડો.
- મૂળાક્ષરની નીચે લીટી દોરો.
- ચિત્રનાં નામ પરથી શરૂ થતાં મૂળાક્ષરને ચિત્ર સાથે જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર પર ✕ કરો.
- ☐ માં લખેલા મૂળાક્ષર જેવો મૂળાક્ષર શોધી તેના ફરતું ◯ કરો.
- આગળનો મૂળાક્ષર લખો.
- પાછળનો મૂળાક્ષર લખો.
- ખૂટતા મૂળાક્ષરો લખો.
- ચિત્ર જુઓ અને સાચા શબ્દ સાથે જોડો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય : પાન નં. ૨ થી ૯)

## જુલાઈ

- ચ, છ, જ, ઝ અને ટની ઓળખ, વાંચન અને લેખન
- મૂળાક્ષરથી શરૂ થતા અન્ય શબ્દો અને ચિત્રોનો પરિચય
- મૂળાક્ષરમાં રંગ પૂરો.
- સરખા મૂળાક્ષર જોડો.
- મૂળાક્ષરની નીચે લીટી દોરો.
- ચિત્રનાં નામ પરથી શરૂ થતાં મૂળાક્ષરને ચિત્ર સાથે જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર પર ✕ કરો.
- ☐ માં લખેલા મૂળાક્ષર જેવો મૂળાક્ષર શોધી તેના ફરતું ◯ કરો.
- આગળનો મૂળાક્ષર લખો.
- પાછળનો મૂળાક્ષર લખો.
- ખૂટતા મૂળાક્ષરો લખો.
- ચિત્ર જુઓ અને સાચા શબ્દ સાથે જોડો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય : પાન નં. ૧૦ થી ૧૪)

## ઑગસ્ટ

- ઠ, ડ, ઢ અને ણની ઓળખ, વાંચન અને લેખન
- મૂળાક્ષરથી શરૂ થતા અન્ય શબ્દો અને ચિત્રોનો પરિચય
- મૂળાક્ષરમાં રંગ પૂરો.
- સરખા મૂળાક્ષર જોડો.
- મૂળાક્ષરની નીચે લીટી દોરો.
- ચિત્રનાં નામ પરથી શરૂ થતાં મૂળાક્ષરને ચિત્ર સાથે જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર પર ✕ કરો.
- ☐ માં લખેલા મૂળાક્ષર જેવો મૂળાક્ષર શોધી તેના ફરતું ◯ કરો.
- આગળનો મૂળાક્ષર લખો.
- પાછળનો મૂળાક્ષર લખો.
- ખૂટતા મૂળાક્ષરો લખો.
- ચિત્ર જુઓ અને સાચા શબ્દ સાથે જોડો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય : પાન નં. ૧૫ થી ૨૦)

## સપ્ટેમ્બર

- ત, થ, દ અને ધની ઓળખ, વાંચન અને લેખન
- મૂળાક્ષરથી શરૂ થતા અન્ય શબ્દો અને ચિત્રોનો પરિચય
- મૂળાક્ષરમાં રંગ પૂરો.
- સરખા મૂળાક્ષર જોડો.
- મૂળાક્ષરની નીચે લીટી દોરો.
- ચિત્રનાં નામ પરથી શરૂ થતાં મૂળાક્ષરને ચિત્ર સાથે જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર પર ✕ કરો.
- ☐ માં લખેલા મૂળાક્ષર જેવો મૂળાક્ષર શોધી તેના ફરતું ◯ કરો.
- આગળનો મૂળાક્ષર લખો.
- પાછળનો મૂળાક્ષર લખો.
- ખૂટતા મૂળાક્ષરો લખો.
- ચિત્ર જુઓ અને સાચા શબ્દ સાથે જોડો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય : પાન નં. ૨૧ થી ૨૪)

## ઑક્ટોબર

**પુનરાવર્તન**

## નવેમ્બર

- ન, પ અને ફની ઓળખ, વાંચન અને લેખન
- મૂળાક્ષરથી શરૂ થતા અન્ય શબ્દો અને ચિત્રોનો પરિચય
- મૂળાક્ષરમાં રંગ પૂરો.
- સરખા મૂળાક્ષર જોડો.
- મૂળાક્ષરની નીચે લીટી દોરો.
- ચિત્રનાં નામ પરથી શરૂ થતાં મૂળાક્ષરને ચિત્ર સાથે જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર પર ✕ કરો.
- ☐ માં લખેલા મૂળાક્ષર જેવો મૂળાક્ષર શોધી તેના ફરતું ◯ કરો.
- આગળનો મૂળાક્ષર લખો.
- પાછળનો મૂળાક્ષર લખો.
- ખૂટતા મૂળાક્ષરો લખો.
- ચિત્ર જુઓ અને સાચા શબ્દ સાથે જોડો.

  (નવનીત ગુજરાતી વર્ણ-પરિચય : પાન નં. ૨૫ થી ૨૭)

## ડિસેમ્બર

- બ, ભ અને મની ઓળખ, વાંચન અને લેખન
- મૂળાક્ષરથી શરૂ થતા અન્ય શબ્દો અને ચિત્રોનો પરિચય
- મૂળાક્ષરમાં રંગ પૂરો.
- સરખા મૂળાક્ષર જોડો.
- મૂળાક્ષરની નીચે લીટી દોરો.
- ચિત્રનાં નામ પરથી શરૂ થતાં મૂળાક્ષરને ચિત્ર સાથે જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર પર ✕ કરો.
- ☐ માં લખેલા મૂળાક્ષર જેવો મૂળાક્ષર શોધી તેના ફરતું ◯ કરો.
- આગળનો મૂળાક્ષર લખો.
- પાછળનો મૂળાક્ષર લખો.
- ખૂટતા મૂળાક્ષરો લખો.
- ચિત્ર જુઓ અને સાચા શબ્દ સાથે જોડો.

  (નવનીત ગુજરાતી વર્ણ-પરિચય : પાન નં. ૨૮ થી ૩૨)

## જાન્યુઆરી

- ય, ર, લ અને વની ઓળખ, વાંચન અને લેખન
- મૂળાક્ષરથી શરૂ થતા અન્ય શબ્દો અને ચિત્રોનો પરિચય
- મૂળાક્ષરમાં રંગ પૂરો.
- સરખા મૂળાક્ષર જોડો.
- મૂળાક્ષરની નીચે લીટી દોરો.
- ચિત્રનાં નામ પરથી શરૂ થતાં મૂળાક્ષરને ચિત્ર સાથે જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર પર ✕ કરો.
- ☐માં લખેલા મૂળાક્ષર જેવો મૂળાક્ષર શોધી તેના ફરતું ◯ કરો.
- આગળનો મૂળાક્ષર લખો.
- પાછળનો મૂળાક્ષર લખો.
- ખૂટતા મૂળાક્ષરો લખો.
- ચિત્ર જુઓ અને સાચા શબ્દ સાથે જોડો.

  (નવનીત ગુજરાતી વર્ણ-પરિચય : પાન નં. ૩૩ થી ૩૬)

## ફેબ્રુઆરી

- શ, ષ, સ અને હની ઓળખ, વાંચન અને લેખન
- મૂળાક્ષરથી શરૂ થતા અન્ય શબ્દો અને ચિત્રોનો પરિચય
- મૂળાક્ષરમાં રંગ પૂરો.
- સરખા મૂળાક્ષર જોડો.
- મૂળાક્ષરની નીચે લીટી દોરો.
- ચિત્રનાં નામ પરથી શરૂ થતાં મૂળાક્ષરને ચિત્ર સાથે જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર પર ✕ કરો.
- ☐માં લખેલા મૂળાક્ષર જેવો મૂળાક્ષર શોધી તેના ફરતું ◯ કરો.
- આગળનો મૂળાક્ષર લખો.
- પાછળનો મૂળાક્ષર લખો.
- ખૂટતા મૂળાક્ષરો લખો.
- ચિત્ર જુઓ અને સાચા શબ્દ સાથે જોડો.

  (નવનીત ગુજરાતી વર્ણ-પરિચય : પાન નં. ૩૭ થી ૪૦)

## માર્ચ

- ળ, ક્ષ અને જ્ઞની ઓળખ, વાંચન અને લેખન
- અથી અંનો ચિત્ર અને શબ્દ દ્વારા પરિચય
- આગળના મૂળાક્ષરોનું સંપૂર્ણ પુનરાવર્તન
- મૂળાક્ષરથી શરૂ થતા અન્ય શબ્દો અને ચિત્રોનો પરિચય
- મૂળાક્ષરમાં રંગ પૂરો.
- સરખા મૂળાક્ષર જોડો.
- મૂળાક્ષરની નીચે લીટી દોરો.
- ચિત્રનાં નામ પરથી શરૂ થતાં મૂળાક્ષરને ચિત્ર સાથે જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર પર ✕ કરો.
- ☐માં લખેલા મૂળાક્ષર જેવો મૂળાક્ષર શોધી તેના ફરતું ◯ કરો.
- આગળનો મૂળાક્ષર લખો.
- પાછળનો મૂળાક્ષર લખો.
- ખૂટતા મૂળાક્ષરો લખો.
- ચિત્ર જુઓ અને સાચા શબ્દ સાથે જોડો.
  (નવનીત ગુજરાતી વર્ણ-પરિચય : પાન નં. ૪૧ થી ૪૮)

## એપ્રિલ

**પુનરાવર્તન**

# ૪. ગણિત

## જૂન

- નાનું-મોટું, જાડું-પાતળુંનો ખ્યાલ વસ્તુ અને ચિત્ર દ્વારા આપવો. રંગ પૂરવો.
- જુદી જુદી પેટર્નનું લેખન કરાવવું. | ( — \ ) ○ (
- આંગળીઓની મદદથી ૧ થી ૧૦ સળંગ બોલવા.

## જુલાઈ

- ઊંચું-નીચું, લાંબું-ટૂંકું, ઉપર-નીચે, નજીક-દૂરનો ખ્યાલ વસ્તુ અને ચિત્ર દ્વારા આપવો. રંગ પૂરવો.
- ૧ થી ૧૦ સળંગ બોલવા.
- '0' શૂન્યની ઓળખ અને લેખન
- ૧ થી ૪ની ઓળખ, લેખન અને ગણતરી
- ચિત્ર ગણો અને □માં અંક લખો. • સરખા અંક જોડો.
- દર્શાવેલા અંક પ્રમાણે △ દોરો. • ચિત્ર ગણો અને સાચા અંક સાથે જોડો.
- ચિત્ર ગણો અને સાચા અંક ફરતું ○ કરો.
  (નવનીત અંકલેખન : પાન નં. ૩ થી ૭)

## ઑગસ્ટ

- ૧ થી ૨૦ સળંગ બોલવા. • ૫ થી ૮ની ઓળખ, લેખન અને ગણતરી
- ૧ થી ૫નું સંપૂર્ણ પુનરાવર્તન • ચિત્ર ગણો અને □માં અંક લખો.
- સરખા અંક જોડો. • દર્શાવેલા અંક પ્રમાણે △ દોરો.
- ચિત્ર ગણો અને સાચા અંક સાથે જોડો.
- ચિત્ર ગણો અને સાચા અંક ફરતું ○ કરો.
- ૧ થી ૫ ક્રમમાં બોલો અને લખો.(નવનીત અંકલેખન : પાન નં. ૮ થી ૧૪)

## સપ્ટેમ્બર

- ૧ થી ૨૦ સળંગ બોલવા. • ૯ થી ૧૩ની ઓળખ, લેખન અને ગણતરી
- ચિત્ર ગણો અને □માં અંક લખો. • સરખા અંક જોડો.
- દર્શાવેલા અંક પ્રમાણે △ દોરો. • ચિત્ર ગણો અને સાચા અંક સાથે જોડો.
- ચિત્ર ગણો અને સાચા અંક ફરતું ○ કરો. • ૧ થી ૧૩ બોલો અને લખો.
- ખૂટતા અંક લખો. • □માં આપેલા અંક પ્રમાણે ચિત્ર ઉપર ✓ કરો.
  (નવનીત અંકલેખન : પાન નં. ૧૫ થી ૨૩)

## ઑક્ટોબર

**પુનરાવર્તન**

## નવેમ્બર

- ૧ થી ૩૦ સળંગ બોલવા. • ૧૪ અને ૧૫ની ઓળખ, લેખન અને ગણતરી
- ગણો અને સાચા અંક ફરતું ◯ કરો. • ગણો અને સાચા અંક સાથે જોડો.
- ગણો અને અંક લખો. • ૧ થી ૧૫ બોલો અને લખો.
- આગળની, પાછળની અને વચ્ચેની સંખ્યા લખો. (૧ થી ૧૫)
  (નવનીત અંકલેખન : પાન નં. ૨૪ થી ૨૭)

## ડિસેમ્બર

- ૧ થી ૪૦ સળંગ બોલવા. • ૧૬ થી ૨૦ની ઓળખ, લેખન અને ગણતરી
- ૧૧ થી ૨૦ બોલો અને લખો.
- ગણો અને સાચા અંક સાથે જોડો. • ગણો અને સાચા અંક ફરતું ◯ કરો.
- મણકા ગણો અને અંક લખો. • દર્શાવેલા અંક પ્રમાણે △ દોરો.
- ૧ થી ૨૦ બોલો અને લખો.
- આગળની, પાછળની અને વચ્ચેની સંખ્યા લખો. (૧ થી ૨૦)
- ખૂટતા અંક લખો. (નવનીત અંકલેખન : પાન નં. ૨૮ થી ૩૫)

## જાન્યુઆરી

- ૧ થી ૪૦ સળંગ બોલવા. • ૨૧ થી ૩૦ની ઓળખ, લેખન અને ગણતરી
- ખૂટતા અંક લખો. • ૧ થી ૩૦ બોલો અને લખો.
- આગળની, પાછળની અને વચ્ચેની સંખ્યા લખો. (૧ થી ૩૦)
  (નવનીત અંકલેખન : પાન નં. ૩૬ અને ૩૭)

## ફેબ્રુઆરી

- ૧ થી ૫૦ સળંગ બોલવા. • ૩૧ થી ૪૦ની ઓળખ, લેખન અને ગણતરી
- ખૂટતા અંક લખો. • ૧ થી ૪૦ બોલો અને લખો.
- આગળની, પાછળની અને વચ્ચેની સંખ્યા લખો. (૧ થી ૪૦)
  (નવનીત અંકલેખન : પાન નં. ૩૮ અને ૩૯)

## માર્ચ

- ૧ થી ૫૦ સળંગ બોલવા. • ૪૧ થી ૫૦ની ઓળખ, લેખન અને ગણતરી
- ૧ થી ૫૦નું સંપૂર્ણ પુનરાવર્તન • ખૂટતા અંક લખો.
- ૧ થી ૫૦ બોલો અને લખો. • આકારો ઓળખો અને તેમાં રંગ પૂરો.
- આગળની, પાછળની અને વચ્ચેની સંખ્યા લખો. (૧ થી ૫૦)
- ઊંધા અંક લખો. • મણકા ગણો અને લખો.
- ક્રમ પ્રમાણે ટપકાં જોડો અને ચિત્રમાં રંગ પૂરો.
- ૧ થી ૫૦ અંકોમાં અને શબ્દોમાં વાંચો.
  (નવનીત અંકલેખન : પાન નં. ૪૦ થી ૪૮)

## એપ્રિલ

**પુનરાવર્તન**

# ૫. સામાન્ય જ્ઞાન

## જૂન

**આપણું શરીર :**
- શરીરનાં જુદાં જુદાં અંગો વિશે વાતચીત કરવી.
- આપણી પાંચ ઇન્દ્રિયો શું કાર્ય કરે તે વિશે વાતચીત કરવી.
- આપણું શરીર સાફ રાખવું જોઈએ. કઈ વસ્તુથી કયું અંગ સાફ થાય તેની વાતચીત કરવી.

**અનુભવો :**
- સ્પર્શના જુદા જુદા અનુભવ કરાવવા. દા. ત., ગરમ-ઠંડું, લીસું-ખરબચડું, પોચું-કઠણ
- સ્વાદના જુદા જુદા અનુભવ કરાવવા. દા. ત., ગળ્યું, ખાટું, ખારું, તીખું, કડવું
- જુદા જુદા અવાજના અનુભવ કરાવવા.
- જુદી જુદી ગંધનો અનુભવ કરાવવો. દા. ત., વિક્સ, નીલગિરિ, પેટ્રોલ, પરફ્યુમ, હિંગ (નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૪ થી ૬)

## જુલાઈ

**રંગો :** લાલ, પીળો, વાદળી, લીલો, કાળો, સફેદ
- વર્ગની વસ્તુઓના જુદા જુદા રંગ વિશે વાતચીત કરવી.
- કઈ વસ્તુ કયા રંગની હોય તેમાં તેવો રંગ પૂરવા આપવો. દા. ત., દૂધની બૉટલ, સફરજન, પાન, કાગડો, સૂરજ

**આકારો :** ગોળ, ત્રિકોણ, ચોરસ, લંબચોરસ
- આપણી આસપાસની વસ્તુઓ કેવા કેવા આકારની છે તેની ચર્ચા કરવી.
- સરખા આકારની વસ્તુઓ જોડો.

**ચોમાસું :** કયા મહિનામાં આવે ? વાતાવરણમાં શું ફેરફાર થાય ?
કઈ કઈ વસ્તુઓનો ઉપયોગ કરીએ ? કયા કયા તહેવાર આવે ?
શું શું કાળજી રાખવી જોઈએ ? શું શું ખાઈએ ?

(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૭ થી ૧૦)

## ઑગસ્ટ

**પ્રાણીઓ :** પાલતુ, જંગલી, જળચર પ્રાણીઓનાં નામ

**જીવજંતુઓ**

**પ્રાણીઓનાં રહેઠાણ :** પ્રાણીઓનાં અંગો, ખોરાક, ઉપયોગ, અવાજ વગેરે વિશે ચર્ચા કરવી. તેમનાં રહેઠાણ વિશે વાતચીત કરવી.

**પક્ષીઓ :** નામ, અંગો, ખોરાક, અવાજ વિશે વાતચીત કરવી.

(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૧૧ થી ૧૬, ૨૧, ૨૨)

## સપ્ટેમ્બર

**વાહનો :** • વિવિધ ભાગો, ઉપયોગ, શેનાથી ચાલે ? વગેરે વિશે ચર્ચા કરવી.
• આકાશમાં ઊડતાં, જમીન પર ચાલતાં, પાણીમાં ચાલતાં, પ્રાણીઓથી ચાલતાં વાહનો વિશે વાતચીત કરવી.

**ફૂલો :** • ફૂલોનાં નામ, ખાસિયતો વિશે વાતચીત કરવી. • વારનાં નામ
(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૧૯, ૨૦, ૪૭, ૪૮)

દીવાનખંડ, રસોડાની – વસ્તુઓ અંગે ચર્ચા કરો.
(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૩૩ થી ૩૬)

## ઑક્ટોબર

**પુનરાવર્તન**

## નવેમ્બર

સૂવાના રૂમ, બાથરૂમની – વસ્તુઓ અંગે ચર્ચા કરો.
(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૩૭ થી ૪૦)

## ડિસેમ્બર

**શિયાળો :** • ક્યા મહિનામાં આવે? શું કાળજી રાખવી? વાતાવરણમાં શું ફેરફાર થાય? કઈ વસ્તુ વાપરીએ? ક્યા ક્યા તહેવાર આવે?

**શાકભાજી :** • નામ, સ્વાદ, રંગની વાતચીત કરો. • કાચાં ખવાતાં શાકભાજી

**ફળો :** • નામ, સ્વાદ, રંગ, બીજની વાતચીત કરો.
(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૧૭, ૧૮, ૨૩ થી ૨૬)

## જાન્યુઆરી

**સલામતી** • શું ન કરાય? તેના પર ✗ કરો.

**શાળા :** • તમારી શાળામાં કઈ કઈ વસ્તુઓ છે? • વર્ગમાં કઈ કઈ વસ્તુઓ છે?
• તમે શાળામાં કઈ કઈ વસ્તુઓનો ઉપયોગ કરો છો? વગેરે ચર્ચા કરો.

**પોશાક :** • કોણ કેવો પોશાક પહેરે? છોકરાઓ, છોકરીઓ તેની ચર્ચા કરો.
(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૨૭, ૨૮, ૪૩ થી ૪૬)

## ફેબ્રુઆરી

**સમાજસેવકો :** ડૉક્ટર, નર્સ, કુંભાર, શિક્ષિકા, સુથાર, દરજી, પોલીસ, માળી, ટપાલી, ખેડૂત, હજામ, કાછિયો, ડ્રાઈવર, કડિયો
(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૨૯, ૩૦)

## માર્ચ

**વીજળીથી ચાલતાં સાધનો :** વીજળીથી ચાલતાં સાધનો વિશે ચર્ચા કરો.

**ઉનાળો :** ક્યારે આવે? વાતાવરણમાં શું ફેરફાર થાય? શું શું વાપરીએ? ક્યા ક્યા તહેવાર આવે? (નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૩૧, ૩૨, ૪૧, ૪૨)

## એપ્રિલ

**પુનરાવર્તન**

# ૬. અંગ્રેજી

## જૂન

- શિષ્ટાચાર : ઘરમાં, શાળામાં વગેરે સ્થળે લોકો સાથે શિષ્ટાચારનો ઉપયોગ શીખવવો.
- Good morning, Good afternoon, Good evening, Good night, Thank you, Sorry, Please વગેરે શબ્દોનો મૌખિક ઉપયોગ શીખવવો.

## જુલાઈ

- ચિત્ર જુઓ, વાંચો અને બોલો.
- ગીતોનું ગાન : THE ALPHABET SONG; JACK AND JILL; RING-A-RING O'ROSES; ONE, TWO, BUCKLE MY SHOE વગેરે ગાતાં શીખવવાં.
- 1 થી 10ની મૌખિક ગણતરી

  [Navneet Alphabet (Capital Letters) : પાન નં. 33 થી 40]

## ઑગસ્ટ

- A થી Z બોલો. • 1 થી 10 બોલો.
- A થી Eની ઓળખ, વાંચન અને લેખન
- 1 થી 4ની ઓળખ, વાંચન અને લેખન
- સરખા મૂળાક્ષર / સરખી સંખ્યા જોડો.
- ☐માં લખેલો મૂળાક્ષર / લખેલી સંખ્યા શોધી તેના ફરતું ◯ કરો.
- ચિત્રને તેના અંગ્રેજી સ્પેલિંગના પહેલા મૂળાક્ષર સાથે જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર/જુદી સંખ્યા પર ✕ કરો.

  [Navneet Alphabet (Capital Letters) : પાન નં. 2 થી 6]

  [Navneet Numbers (1 to 50) : પાન નં. 2 થી 5]

## સપ્ટેમ્બર

- A થી Z બોલો. • 1 થી 10 બોલો.
- F થી Kની ઓળખ, વાંચન અને લેખન
- 5 થી 8ની ઓળખ, વાંચન અને લેખન
- સરખા મૂળાક્ષર / સરખી સંખ્યા જોડો.
- ચિત્રને તેના અંગ્રેજી સ્પેલિંગના પહેલા મૂળાક્ષર સાથે જોડો.

- હરોળમાં જુદા મૂળાક્ષર/જુદી સંખ્યા પર X કરો.
- ચિત્ર ગણો અને સાચી સંખ્યા સાથે જોડો.

  [Navneet Alphabet (Capital Letters) : પાન નં. 7 થી 12]

  [Navneet Numbers (1 to 50) : પાન નં. 6 થી 11]

## ઑક્ટોબર

**પુનરાવર્તન**

## નવેમ્બર

- A થી Z બોલો. • 1 થી 20 બોલો.
- L થી Nની ઓળખ, વાંચન અને લેખન
- 9 અને 10ની ઓળખ, વાંચન અને લેખન
- સરખા મૂળાક્ષર/સરખી સંખ્યા જોડો.
- ચિત્રને તેના અંગ્રેજી સ્પેલિંગના પહેલા મૂળાક્ષર સાથે જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર/જુદી સંખ્યા પર X કરો.

  [Navneet Alphabet (Capital Letters) : પાન નં. 13 થી 15]

  [Navneet Numbers (1 to 50) : પાન નં. 12 થી 17]

## ડિસેમ્બર

- A થી Z બોલો. • 1 થી 20 બોલો.
- O થી Qની ઓળખ, વાંચન અને લેખન
- 11 થી 14ની ઓળખ, વાંચન અને લેખન
- સરખા મૂળાક્ષર/સરખી સંખ્યા જોડો.
- ☐માં લખેલો મૂળાક્ષર / લખેલી સંખ્યા શોધી તેના ફરતું ◯ કરો.
- ચિત્રને તેના અંગ્રેજી સ્પેલિંગના પહેલા મૂળાક્ષર સાથે જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર/જુદી સંખ્યા પર X કરો.
- ચિત્ર ગણો અને સાચી સંખ્યા સાથે જોડો.

  [Navneet Alphabet (Capital Letters) : પાન નં. 16 થી 18]

  [Navneet Numbers (1 to 50) : પાન નં. 19 અને 20]

## જાન્યુઆરી

- A થી Z બોલો. • 1 થી 20 બોલો.
- R થી Uની ઓળખ, વાંચન અને લેખન
- 15 થી 18ની ઓળખ, વાંચન અને લેખન
- સરખા મૂળાક્ષર/સરખી સંખ્યા જોડો.
- ચિત્રને તેના અંગ્રેજી સ્પેલિંગના પહેલા મૂળાક્ષર સાથે જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર/જુદી સંખ્યા પર ✕ કરો.

  [Navneet Alphabet (Capital Letters) : પાન નં. 19 થી 22]

  [Navneet Numbers (1 to 50) : પાન નં. 21 અને 22]

## ફેબ્રુઆરી

- A થી Z બોલો. • 1 થી 20 બોલો.
- V થી Xની ઓળખ, વાંચન અને લેખન
- 19 અને 20ની ઓળખ, વાંચન અને લેખન
- ચિત્રને તેના અંગ્રેજી સ્પેલિંગના પહેલા મૂળાક્ષર સાથે જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર/જુદી સંખ્યા પર ✕ કરો.
- ચિત્ર ગણો અને સાચી સંખ્યા સાથે જોડો.

  [Navneet Alphabet (Capital Letters) : પાન નં. 23 થી 25]

  [Navneet Numbers (1 to 50) : પાન નં. 23 થી 27]

## માર્ચ

- A થી Z બોલો. • 1 થી 20 બોલો.
- Y અને Zની ઓળખ, વાંચન અને લેખન
- A થી Z અને 1 થી 20નું સંપૂર્ણ પુનરાવર્તન
- સરખા મૂળાક્ષર/સરખી સંખ્યા જોડો.
- ☐માં લખેલો મૂળાક્ષર / લખેલી સંખ્યા શોધી તેના ફરતું ◯ કરો.
- ચિત્રને તેના અંગ્રેજી સ્પેલિંગના પહેલા મૂળાક્ષર સાથે જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર/જુદી સંખ્યા પર ✕ કરો.
- ચિત્ર ગણો અને સાચી સંખ્યા સાથે જોડો.
- A થી Zમાં ખૂટતા મૂળાક્ષરો લખો. • 1 થી 20માં ખૂટતી સંખ્યાઓ લખો.

  [Navneet Alphabet (Capital Letters) : પાન નં. 26 થી 32]

## એપ્રિલ

**પુનરાવર્તન**

# ૭. ચિત્રકલા

**જૂન**

- ચૉકથી જમીન ઉપર, ક્રેયોનથી છાપા ઉપર મુક્ત ચિત્રકામ કરવા આપવું.
- આકારોની રચના અને ઓળખ (બા. આ. કેતન ચિત્રકલા : પાન નં. ૨)

**જુલાઈ**

- | | | ઊભી લીટી દોરવી.
-  આડી લીટી દોરવી.
-  દોરવું.
-  દોરવું.

(**નોંધ :** આ બધી જ પેટર્ન કાગળ ઉપર, જમીન ઉપર, ખાનાવાળી નોટમાં પેન્સિલથી, ક્રેયોનથી કરાવવી.)

**રંગકામ :** • રંગીન ગોળ મીંડાં કરો. • નાની આડી-ઊભી રેખાઓ દોરો.
• આડી-ઊભી રેખાઓ દોરો. • આપેલા ચિત્રમાં રંગ પૂરો.
(બા. આ. કેતન ચિત્રકલા : પાન નં. ૩ થી ૬)

**ઑગસ્ટ**

-  અર્ધગોળ દોરવું.
-  ગોળ દોરવું.
- ✓ કરવું.
- ✗ કરવી.
-  દોરવું.
-  દોરવું.
-  દોરવું.

(**નોંધ :** આ બધી જ પેટર્ન કાગળ ઉપર, જમીન ઉપર, ખાનાવાળી નોટમાં પેન્સિલથી ક્રેયોનથી કરાવવી.)

**રંગકામ :** • ટપકાંની ફરતે ગોળ મીંડાં દોરો. • મીંડાં દોરી તેમાં ટપકાં દોરો.
• આપેલા ચિત્રમાં રંગ પૂરો.
• ટપકાં પર આડી-ત્રાંસી રેખાઓ દોરો.
(બા. આ. કેતન ચિત્રકલા : પાન નં. ૭ થી ૧૧)

**સપ્ટેમ્બર**

- સૂરજ   
- બૉલ   
-  ટપકાં જોડો.

(**નોંધ :** આ પ્રમાણે ચિત્ર દોરતાં શીખવી રંગ પૂરતાં શીખવવું.)

**રંગકામ :** ● આપેલા ચિત્રમાં રંગ પૂરો.
(બા. આ. કેતન ચિત્રકલા : પાન નં. ૧૨ થી ૧૫)

## ઑક્ટોબર

**પુનરાવર્તન**

## નવેમ્બર

● ફુગ્ગો  ● નદી 

(**નોંધ :** આ પ્રમાણે ચિત્ર દોરતાં શીખવી રંગ પૂરતાં શીખવવું.)

**રંગકામ :** ● આપેલા ચિત્રમાં રંગ પૂરો.
(બા. આ. કેતન ચિત્રકલા : પાન નં. ૧૬ થી ૧૮)

## ડિસેમ્બર

● હોડી  ● માછલી 

(**નોંધ :** આ પ્રમાણે ચિત્ર દોરતાં શીખવી રંગ પૂરતાં શીખવવું.)

**રંગકામ :** ● આપેલા ચિત્રમાં રંગ પૂરો.
(બા. આ. કેતન ચિત્રકલા : પાન નં. ૧૯ થી ૨૧)

## જાન્યુઆરી

● ઘાસ  ● ઝાડ 

(**નોંધ :** આ પ્રમાણે ચિત્ર દોરતાં શીખવી રંગ પૂરતાં શીખવવું.)

**રંગકામ :** ● આપેલા ચિત્રમાં રંગ પૂરો.
(બા. આ. કેતન ચિત્રકલા : પાન નં. ૨૨ થી ૨૪)

## ફેબ્રુઆરી

● મંદિર 

● ઘર 

(**નોંધ :** આ પ્રમાણે ચિત્ર દોરતાં શીખવી રંગ પૂરતાં શીખવવું.)

**રંગકામ :** ● આપેલા ચિત્રમાં રંગ પૂરો.
(બા. આ. કેતન ચિત્રકલા : પાન નં. ૨૫, ૨૭ અને ૨૯)

## માર્ચ

• ચકલી  • સસલું 

(**નોંધ :** આ પ્રમાણે ચિત્ર દોરતાં શીખવી રંગ પૂરતાં શીખવવું.)

**રંગકામ :** • આપેલા ચિત્રમાં રંગ પૂરો.

(બા. આ. કેતન ચિત્રકલા : પાન નં. ૩૧ અને ૩૨)

## એપ્રિલ

**પુનરાવર્તન**

# ૮. રચનાત્મક પ્રવૃત્તિઓ

## જૂન અને જુલાઈ

- પંજાની છાપ
- મૂઠીની છાપ
- અંગૂઠાની છાપ
- આંગળી રંગમાં બોળી જુદી જુદી ડિઝાઇન દોરવી.

## ઑગસ્ટ

- બટાકા, ભીંડા, કારેલાં, ડુંગળીની છાપ પાડવી.
- રાખડી ચોંટાડવી.
- રાષ્ટ્રધ્વજ ચોંટાડવો.

## સપ્ટેમ્બર

- સ્પંજની છાપ પાડવી.
- રૂમાલની ઘડી કરવી.
- રોલિંગ (પેન્સિલ પર દોરી વીંટી રંગવાળી કરી રોલિંગ કરાવવું.)
- દિવાળી કાર્ડ ચોંટાડવું.

## ઑક્ટોબર

**પુનરાવર્તન**

## નવેમ્બર

- કાગળ નીચે ચંપાનું પાન મૂકી ક્રેયોન આડો ઘસવો.
- કવર બનાવવું.

## ડિસેમ્બર

- ક્રિસમસ ટ્રી ચોંટાડવું. (ત્રણ ત્રિકોણ)
- મીણકામ (સફેદ ક્રેયોનથી ચિત્ર દોરાવી રંગીન વૉશ આપવો.)
- સાંતાક્લોઝ ચોંટાડવો. (રૂથી)

**જાન્યુઆરી**

- પતંગ
- બિન્દી ચોંટાડવી.
- કાગળની ગોળી બનાવી ચોંટાડવી.

**ફેબ્રુઆરી**

- આઈસક્રીમ સ્ટીક ચોંટાડવી.
- રેતીકામ
- બ્લૉક પ્રિન્ટિંગ (લાકડાના ટુકડા પર સૂતળી વીંટાળીને)

**માર્ચ**

- પંખો, હોડી, ફરકડી બનાવવી.

**એપ્રિલ**

**પુનરાવર્તન**

# ૯. બાળગીતો અને જોડકણાં

**જૂન**

૧. પ્રાર્થના   ૨. જોડકણાં

**જુલાઈ**

- આગળનાં ગીતોનું પુનરાવર્તન

૩. ધોળું ધોળું સસલું

૪. દાદાનો ડંગોરો લીધો

૫. આવો પારેવાં, આવોને ચકલાં

૬. નાનાં નાનાં છોકરાં

૭. જાંબુડો   ૮. વરસો પાણી

**ઑગસ્ટ**

- આગળનાં ગીતોનું પુનરાવર્તન

૯. ચકીબહેન! ચકીબહેન!

૧૦. અમે ગોળ ગોળ રે ફરીએ

૧૧. સાઇકલ મારી

૧૨. લાયબંબો આવ્યો

૧૩. મીઠું મીઠું બોલો

**સપ્ટેમ્બર**

- આગળનાં ગીતોનું પુનરાવર્તન

૧૪. પાટા ઉપર ગાડી દોડે, દોટો કાઢી

૧૫. મારો છે મોર

૧૬. નાનકડી ઢીંગલી

૧૭. નાની બંદૂક

**ઑક્ટોબર**

**પુનરાવર્તન**

## નવેમ્બર

- આગળનાં ગીતોનું પુનરાવર્તન

૧૮. મારા ઘરમાં

૧૯. નાની ટીનકી

૨૦. પંખી બની ઊડી જઈએ

૨૧. એક કહીને ઊભાં થાઓ

## ડિસેમ્બર

- આગળનાં ગીતોનું પુનરાવર્તન

૨૨. મેઘરાજા ૨૩. વાંદરાં

૨૪. ટેલિફોન ૨૫. ખિસકોલી

## જાન્યુઆરી

- આગળનાં ગીતોનું પુનરાવર્તન

૨૬. ગાય

૨૭. નાનાં નાનાં બાલુડાંની નાની નાની ફોજ ૨૮. શિયાળો

## ફેબ્રુઆરી

- આગળનાં ગીતોનું પુનરાવર્તન

૨૯. ફુગ્ગાવાળો આવ્યો ભૈ, ફુગ્ગાવાળો આવ્યો

૩૦. નાના અમથા વાંદરાભાઈ

૩૧. ઓ ચકલી ! આવીને ઊડી ના જઈશ

૩૨. રંગબેરંગી રમકડાંની ગાડી આવી રે

## માર્ચ

- આગળનાં ગીતોનું પુનરાવર્તન

૩૩. શીંગોડાં

૩૪. શાકવાળી

૩૫. અમે ફેરફુદરડી ફરતાં'તાં

## એપ્રિલ

**પુનરાવર્તન**

**Published & Printed by :** NEL

# NOTES